વડાપ્રધાન પદના ઉમેદવાર અંગે યોગ્ય સમયે નિર્ણય : રાજનાથ

ભાજપ સંસદીય બોર્ડની બેઠકમાં વ્યૂહરચના ઉપર ચર્ચા : યુપીએને પછડાટ આપવા ભાજપ આક્રમક : ૨૭મી મેથી જેલભરો આંદોલન મારફતે દબાણ વધારાશે : નરેન્દ્ર મોદી સંસદીય બોર્ડની મિટિંગમાં છવાયા

નવી દિલ્હી,તા. ૨૧

વર્ષ ૨૦૧૪માં યોજાનારી લોકસભાની ચૂંટણી માટેની વ્યૂહરચના ઘડી કાઢવાના હેતુસર આજે ભાજપ સંસદીય બોર્ડની મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી જેમાં તમામ પાસા પર ચર્ચા વિચારણા હાથ ધરાઈ હતી. ભાજપના સભ્યોએ આ મિટિંગ બાદ કહ્યુ હતુ કે વડાપ્રધાન પદના ઉમેદવારના મામલે અંતિમ નિર્ણય મોડેથી યોગ્ય સમયે લેવામાં આવશે. પત્રકારો સાથે વાતચીત કરતા ભાજપ પ્રમુખ રાજનાથસિંહે કહ્યુ હતુ કે અમે ચૂંટણી માટે સંપૂર્ણપણે તૈયાર છીએ. વર્ષ ૨૦૧૪ની ચૂંટણીમાં પક્ષના સત્તાવાર ઉમેદવાર કોણ રહેશે તે અંગે યોગ્ય સમયે નિર્ણય લેવામાં આવશે. વધુને વધુ લોકોને જોડવાની જરૂરિયાત પર ભાર મુકતા ભાજપ વડાએ કહ્યુ હતુ કે તેમની પાર્ટી કેન્દ્રમાં કોંગ્રેસ સરકારને પછડાટ આપવા કોઈ પણ તક જતી કરશે નહીં. પક્ષ સંપૂર્ણ તાકાત સાથે મેદાનમાં ઉતરશે. સોશિયલ નેટવર્કીંગ વેબસાઈટનો ઉપયોગ કરવામાં આવશે. તેમની પાર્ટી ખૂબજ લડાયક મૂડમાં છે. આજે યોજાયેલી મિટિંગમાં ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી છવાયેલા રહ્યા હતા. નરેન્દ્ર મોદી પર તમામનું ધ્યાન રહ્યુ હતુ. પક્ષની નવી નિમાયેલી સંસદીય બોર્ડની બેઠકમાં કામગીરીની પણ સમીક્ષા કરવામાં આવી હતી. ભાજપ સંસદીય બોર્ડની આ પ્રથમ બેઠક હતી જેમાં મોદીએ ઉપસ્થિતિ દર્શાવી હતી. મોદીને પક્ષની સર્વોચ્ચ નિર્ણય લેતી સંસ્થામાં હાલમાં જ ફરી સામેલ કરવામાં આવ્યા હતા. મિટિંગ એવા સમયે યોજાઈ હતી જ્યારે યુપીએ સરકાર હાલમાં શ્રેણીબદ્ધ કૌભાંડોના કારણે વિખવાદના ઘેરામાં છે. વડાપ્રધાન મનમોહનસિંહના

રાજીનામાની માંગ વધુ તીવ્ર બની રહી છે. કોલસા કૌભાંડ અને રેલવે લાંચ કાંડના કારણે બે પ્રધાનોના રાજીનામા પડી ચુક્યા છે જેમાં રેલવે મંત્રી તરીકે પવનકુમાર બંસલને રાજીનામુ આપી દેવાની ફરજ પડી હતી. જ્યારે કાયદા પ્રધાન તરીકે અશ્વિની કુમારને રાજીનામુ આપી દેવાની ફરજ પડી હતી. ભાજપે કહ્યુ છે કે યુપીએ તમામ મોરચા પર નિષ્ફળ છે. એવા અહેવાલ પણ મળ્યા છે કે ભાજપ પ્રમુખ રાજનાથસિંહ આગામી બીજી જૂનના દિવસે પક્ષના જેલભરો આંદોલનનું નેતૃત્વ કરશે. રાજનાથ કેન્દ્ર સરકારના ભ્રષ્ટાચાર અને કુશાસન તથા ઉત્તર પ્રદેશ સરકારની મુસ્લિમોને રાજી કરવાની નીતિ સામે આંદોલન કરશે. આગામી ૨૭મી મેથી ભાજપના જેલભરો આંદોલનની શરૂઆત થઈ રહી છે. રાજનાથ બીજી જૂનના દિવસે પક્ષનું નેતૃત્વ કરશે. પક્ષની સંસદીય બોર્ડની બેઠકને ખૂબજ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. રાજનાથસિંહના નેતૃત્વમાં આ બોર્ડમાં અટલબિહારી વાજપેઈ, અડવાણી, સુષ્મા સ્વરાજ, અરૂણ જેટલી, મુરલીમનોહર જોષી અને મોદી સહિત ૧૨ સભ્યો છે. ભાજપ પ્રમુખ રાજનાથસિંહે એમ પણ કહ્યુ હતુ કે અમિતશાહને ઉત્તરપ્રદેશના પ્રભારી તરીકે નિમણૂંકમાં મોદીની કોઈ પણ ભૂમિકા નથી.

અડવાણી સાથેની મિટિંગ ખૂબ અદભૂત રહી : મોદી

અડવાણી સાથે મોદીની ૪૦ મિનિટ વાતચીત : ગોવામાં આઠમી- નવમી જૂનના દિવસે ભાજપની રાષ્ટ્રીય પરિષદની બેઠક પહેલા મોદીની વાજપેયીની સાથે ચર્ચા

નવી દિલ્હી,તા. ૨૧

ભાજપ સંસદીય બોર્ડની બેઠકમાં હાજરી આપવા માટે પહોંચેલા ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ ભાજપના વરિષ્ઠનેતા અડવાણી સાથે પણ વાતચીત કરી હતી. ભાજપ તરફથી વડાપ્રધાન પદની ઉમેદવારીમાં સૌથી આગળ રહેલા મોદીએ અડવાણી સાથે થયેલી પોતાની વાતચીતને અદભૂત તરીકે ગણાવી હતી. સંસદીય બોર્ડની બેઠકમાં હાજરી આપવા માટે પહોંચેલા મોદીએ અડવાણી ઉપરાંત પક્ષના ભૂતપૂર્વ પ્રમુખ નીતિન ગડકરી સાથે પણ બેઠક યોજી હતી. ગોવામાં આઠમી અને નવમી જૂનના દિવસે યોજાનારી ભાજપની રાષ્ટ્રીય પરિષદની બેઠક પહેલા સંસદીય બોર્ડની બેઠક બોલાવવામાં આવી હતી. મોદીએ ટ્વિટર પર જણાવ્યું છે કે આજે તેઓ દિલ્હીમાં છે. અડવાણી સાથે તેમની બેઠક ખૂબજ અદભૂત રહી છે. અડવાણી સાથે મોદીની આશરે ૪૦ મિનિટ મિટિંગ થઈ હતી. મોદી ભાજપમાં વડાપ્રધાન પદ માટેના સૌથી પ્રબળ ઉમેદવાર તરીકે ગણવામાં આવે

છે. પક્ષના કેટલાક લોકો લોકસભા ચૂંટણી પહેલા જ તેમને વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે જાહેર કરવાની માંગ કરી ચુક્યા છે. મોદી ભારતના ભૂતપૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીને પણ મળ્યા હતા આ ઉપરાંત અન્યો સાથે પણ વાતચીત કરી હતી.

ચીની વડાપ્રધાન લી કેકિયાંગની ઐતિહાસિક ભારત યાત્રા પૂર્ણ

મૂડીરોકાણ અને વેપારને વધારવાનું વચન : ભારત અને ચીન બંને વિશાળ તકોની સાથે વિશાળ માર્કટ ધરાવતા હોવાની કબૂલાત : ભારત યાત્રાથી ખૂબ પ્રભાવિત

નવી દિલ્હી,તા. ૨૧

ચીનના વડાપ્રધાન લી કેકિયાંગે ભારતની તેમની ઐતિહાસિક યાત્રાને આજે સમેટી લીધી હતી. લીએ ભારતની યાત્રા પૂર્ણ કરતી વેળા કહ્યુ હતુ કે ભારત અને ચીન બે શક્તિશાળી દેશો છે અને તેમનો અવાજ વિશ્વમાં સાંભળવામાં આવી રહ્યો છે. લીએ વધુ મૂડીરોકાણ અને વધુ કારોબારી સંબંધો સ્થાપિત કરવાના વચન સાથે દિલ્હીની યાત્રા સમેટી લીધી હતી. લીએ ભારત યાત્રા દરમિયાન ગઈકાલે વડાપ્રધાન મનમોહનસિંહ સાથે દ્વિપક્ષીય મંત્રણા યોજી હતી જેમાં જટિલ સરહદી વિવાદ અને અન્ય પ્રશ્નો પર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. આ વાતચીત ખૂબજ સાનુકૂળ વાતાવરણમાં યોજાઈ હતી. ચીની વડાપ્રધાન અને ભારતના વડાપ્રધાને સંયુક્ત પત્રકાર પરિષદ યોજી હતી. ગઈકાલે આઠ સમજૂતિ પર સહીસિક્કા થયા હતા. ચીની વડાપ્રધાને વિદ્યાર્થીઓ, ઉદ્યોગપતિઓ, શિક્ષણશાસ્ત્રીઓ અને રાજકારણીઓનો આભાર માન્યો હતો. ચીની ભાષામાં લીએ તેમનું સંબોધન કર્યુ હતુ પરંતુ કહ્યુ હતુ કે તેઓ ભારતીય ભાષાને લઈને ખૂબજ પ્રભાવીત છે. નમસ્તે શબ્દોનો ઉપયોગ લીએ કર્યો હતો. આ શબ્દ ૨૭ વર્ષ અગાઉ પ્રથમ વખત શીખ્યા હતા. તે વખતે તેઓ કોમ્યુનિસ્ટ યુથ લીડર તરીકે ભારત આવ્યા હતા.

ઈન્ડિયન ટેલિગ્રાફ એક્ટમાં જરૂરી સુધારા કરવાની તૈયારી

ઉચ્ચસ્તરિય મિટિંગમાં ચર્ચાવિચારણા કરાઈ : ત્રાસવાદી સંગઠનો-આતંકવાદીઓ દ્વારા વીઓઆઈપીના દુરુપયોગને રોકવાના હેતુસર જરૂરી સુધારા હાથ ધરાશે

નવી દિલ્હી,તા. ૨૧

આતંકવાદીઓ અને અલગતાવાદીઓ માટે હાલમાં ઉપયોગી બની ગયેલા વોઈસ ઓવર ઈન્ટરનેટ પ્રોટોકોલ (વીઓઆઈપી) અથવા તો ઈન્ટરનેટ ટેલિફોનીના દુરુપયોગને રોકવાના હેતુસર ૧૨૮ વર્ષ જુના ઈન્ડિયન ટેલિગ્રાફ એક્ટમાં સુધારો કરવા સરકાર યોજના ધરાવે છે. ઉચ્ચસ્તરિય મિટિંગનું નેતૃત્વ કરતા કેન્દ્રિય ગૃહ સચિવ આરકેસિંહે તેમના મંત્રાલયના પ્રતિનિધિઓ અને ટેલિકોમ્યુનિકેશન વિભાગ તથા ઈન્ફરમેશન ટેકનોલોજી વિભાગના પ્રતિનિધિઓને ઈન્ડિયન ટેલિગ્રાફ એક્ટ ૧૮૮૫ અને ઈન્ફરમેશન ટેકનોલોજી એક્ટ ૨૦૦૦માં સુધારો કરવા માટે દરખાસ્ત પર કામ કરવા સૂચના આપી હતી. આ સુધારાઓ હવે ખૂબ જરૂરી બની ગયા છે. વીઓઆઈપી મારફતે ભારતમાં દુરસંચારની સુવિધા ઉપલબ્ધ કરાવનારને સાવધાન રહેવાની સૂચના આપવામાં આવી છે. આ વીઓઆઈપી સેવા ઉપલબ્ધ કરાવનારાઓને દેશમાં તેમની સેવા ફરી યોગ્યરીતે આપવા માટે જરૂરી ધારાધોરણ પાળવા પડશે. છેલ્લા ઘણા વર્ષોથી વીઓઆઈપી ત્રાસવાદીઓના હાથમાં રમત સમાન છે.

આતંકવાદીઓ આનો ઉપયોગ કરીને ઘણા હુમલાઓને પણ અંજામ આપી ચુક્યા છે. બજારમાં મોટા પ્રમાણમાં રહેલા સ્માર્ટ ફોન પર આ સર્વિસનો ઉપયોગ કરીને મેસેજોની આપલે કરવામાં આવેછે. વીઓઆઈપી સેવાનો ઉપયોગ આતંકવાદીઓ દ્વારા વધારે પ્રમાણમાં કરવામાં આવે છે. વર્ષ ૨૦૦૮માં મુંબઈના આંતકવાદી હુમલા વેળા પણ આનો ઉપયોગ કરવામાં આવ્યો હતો ત્યરબાદથી આ સુવિધાને બ્લોક કરવા માટે સરકાર દ્વારા વિચારણા ચાલી રહી છે. સુરક્ષા સંસ્થાઓ આ વાતચીતને શોધી કાઢવા માટે હવે સક્ષમ બની છે.

સેન્સેક્સ ૧૧૨ પોઈન્ટ ઘટ્યો

મુંબઈ,તા. ૨૧

શેરબજારમાં આજે ફરી એકવાર મંદીનું મોજુ ફરી વળ્યુ હતુ. કારોબારના અંતે સેન્સેક્સ ૧૧૨ પોઈન્ટ ઘટીને ૨૦૧૧૨ની સપાટીએ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૪૩ પોઈન્ટ ઘટીને ૬૧૧૪ની સપાટીએ રહ્યો હતો. માર્કટમાં મંદી માટે કેટલાક કારણો જવાબદાર રહ્યા હતા જેમાં યુરોપિયન બજારમાં મંદી પણ કારણરૂપ છે. એશિયન બજારોમાં પણ આજે અફડાતફડી રહી હતી. ડોલરમાં સારી શરૂઆત થઈ હતી. ભારતીય કારોબારની વાત કરવામાં આવે તો બીએસઈ રિયાલિટી ઈન્ડેક્સમાં સૌથી વધુ ૨.૬ ટકાનો ઘટાડો નોંધાયો છે. જ્યારે ઓટો, પાવર, હેલ્થકેર, કેપિટલ ગુડ્સ, બેંકેક્સ, એફએમસીજી અને મેટલ ઈન્ડેક્સમાં ઘટાડો રહ્યો હતો. ઓટો શેરમાં પણ સૌથી વધારે મંદી જોવા મળી હતી. તાતા મોટર્સમાં સૌથી વધુ ૩.૧ ટકાનો ઘટાડો રહેતા તેના શેરની કિંમત ૧૯૩ રહી હતી.

સમાચાર ઝલક

- ગુજરાત સરકારને બુધવાર સુધીમાં ફિક્સ પગારના શિક્ષકોની ફાઇલો તાકીદે આપવા સુપ્રીમનો આદેશ.
- ઉનાળામાં સાંજનાં સમયે ચેઇન સ્નેચરોનો આતંક, અનેક જગ્યાએથી ચેઇન સ્નેચરો દોરા તોડી ગયા.
- દહેજ ન આપ્યું, જાન ન આવી, સમાજ માટે કલંક રૂપ કિસ્સો.
- નોકરીયાત વર્ગ માટે ખૂબ જ સારા સમાચાર પગાર વધારો ૧૨% વધશે.
- સરહદી વિવાદ ઉકેલવા ભારત-ચીન સંમત, આઠ સમજૂતી થઇ.
- વિકલાંગ અરુણીમા આજે પહોંચશે. બે જોડીયા બહેનોએ એવરેસ્ટ સર કર્યો.
- અમદાવાદમાં ટૂંકા વસ્ત્રો અને નશામાં ધૂત થઇ મધરાતે ફરતી ટીનેજર યુવતીઓ...
- કલોલના શખ્સને અમેરિકાથી પાછો તગેડ્યો, મલ્ટીપલ વિઝાનો દુરપયોગ ભારે પડ્યો.
- ટ્રેડ મિલ પર સતત ૨૫ કલાક ચાલવાનો રેકર્ડ તોડશે અમદાવાદના પિયુષ શાહ.
- ૭મી જૂનથી સાસણ ગીરમાં દેશનો સૌથી મોટો કેરી ફેસ્ટીલવ યોજાશે.
- રાજકોટમાં ટી-પાર્લર, ૧૫ થી ૨૦ પ્રકારની વિવિધત ચા મળશે.
- ગુજરાત એફ.એસ.એલ.ની સિદ્ધિ, આંતરરાષ્ટ્રીય આકાશમાં ચમકી.
- ઉત્તર ભારતમાં અંગારા વરસાવતી ગરમી, પારો ૪૮.૨ ડિગ્રીએ પહોંચ્યો.
- ગોંડલના પૂ. નાથાભાઇ જોષી 'ભાઇ'નો ૯૩ વર્ષે દેહવિલય. આજે અંતિમયાત્રા યોજાઇ.
- ઇજિપ્તમાં ધાર્મિક ઝઘડો, બીજા દિવસે પણ તોફાનો ચથાવત.
- દેશમાં સોનાની માંગમા ઘટાડો, સોનાના ઘરેણાની ખપત વધી.
- જયપુરમાં મૂક-બધીર વિદ્યાર્થી પર બળાત્કાર.
- લાલચ બુરી ચીજ હૈ ! હવે શ્રીસંતના જીવન પર ફિલ્મ બનશે.
- મેડિકલ અભ્યાસમાં નવી ૫૦૦૦ બેઠકો ઉમેરાશે.
- વૈષ્ણોદેવી પહાડી પર ભીષણ આગથી ભારે દોડધામ મચી.
- રાજીવ ગાંધીની પૂણ્યતિથિ દેશભરમાં મનાવવામાં આવી.
- રેલ્વે લાંચ કેસમાં સીબીઆઇએ અગાઉથી જાણકારી હતી તેવી લોકચર્ચા.

સોનામાં મહામંદી આવવાના સંકેત

કિંમત હજુ પણ ઘટશે : સોનાની કિંમતમાં તાજેતરમાં થઈ રહેલા ઘટાડાને લઈને કરાયેલા અભ્યાસમાં તારણ : ઇતિહાસમાં સૌથી ઝડપથી સોનાની કિંમત નીચી સપાટી પર જશે

નવી દિલ્હી,તા. ૨૧

સોનાની કિંમતમાં તાજેતરમાં ઘટાડો થઈ રહ્યો છે જેથી સોનાની ખરીદી કરવા ઈચ્છુક લોકો માટે સારા સમાચાર છે પરંતુ સોનાની કિંમતમાં હજુ ઘટાડો થવાના સંકેત દેખાઈ રહ્યા છે. સોનામાં મહામંદીનો દોર આવશે તેવી ચેતવણી જારી કરવામાં આવી છે. સોનામાં તેજીનો દોર ખતમ થઈ ચૂક્યો છે અને સોનું આવનાર ઘણા વર્ષ સુધી મંદીના સંકંજામાં રહેશે. નિઓ વેવ ટ્રેડીંગ સર્વિસના નિષ્ણાંત નિલે દ્વારા આ મુજબની ચેતવણી આપવામાં આવી છે. તેમનું કહેવું છે કે મૂડીરોકાણકારોને હવે સોનામાં ઘણા સમય સુધી મંદી જોવા મળી શકે છે.

૧૫મી એપ્રિલ ૨૦૧૩ના દિવસે પણ આવી જ એક આગાહી કરવામાં આવી હતી. ત્યારબાદથી સોનાની કિંમત ઘટી છે. છેલ્લા કેટલાક દિવસમાં સોનાની કિંમતમાં ઘટાડો નોંધાયો છે જે સંકેત આપે છે કે સોનાની કિંમતમાં તેજીનો દોર હવે ધીમે ધીમે ખતમ થઈ ગયો છે. ૨૦૧૧ની ગરમીની સીઝનમાં ઊંચી સપાટી ઉપર પહોંચ્યા બાદ તેની કિંમતમાં ઘટાડો થઈ રહ્યો છે. ૧૫મી એપ્રીલના દિવસે એખ સમયે સોનાની કિંમત ૧૦૦ ડૉલર પ્રતિ ઓન્સથી નીચે પહોંચ્યો હતો. આ મોટી મંદીના સંકેત છે. ૧૮મી એપ્રિલ ૨૦૧૩ના દિવસે રેકોર્ડ કરવામાં આવેલા પોતાના ઈન્ટરવ્યૂહમાં પણ કેટલાક નિષ્ણાંતોએ કહ્યું હતું કે સોનાની કિંમતમાં ઘણા વર્ષ સુધી મંદીની સ્થિતિ રહી શકે છે. આવનાર સમયમાં સોનાની કિંમતમાં સૌથી ઝડપથી ઘટાડો થશે. ઈતિહાસમાં સૌથી ઝડપથી સોનાની કિંમત ઘટશે. આવનાર કેટલાક મહિનાઓમાં સોનાની સ્થિતિ જાણવા માટે પણ લોકોની ઉત્સુકતા રહી શકે છે. અત્રે ઉલ્લેખનીય છે કે

વૈશ્વિક સ્તરે અમેરિકા ફેડરલ રિઝર્વ રાહત પેકેજ પાછા ખેચીલે તેવી શક્યતા અને તેના લીધે મોંઘવારી માઝા મુકે તેવા ડરના કારણે સોના-ચાંદીના ભાવ છેલ્લા આઠ સત્રથી સતત તુટી રહ્યા છે.

આઈપીએલ પર પ્રતિબંધ મૂકવા સુપ્રીમનો ઈન્કાર

૧૫ દિવસમાં અહેવાલ આપવા બીસીસીઆઈના યુનિટને હુકમ : બાકીની મેચો ઉપર પ્રતિબંધ મુકવાનો ઈન્કાર કરતા આઈપીએલના આયોજકો અને ક્રિકેટરોને હાલ પુરતી રાહત : આઈપીએલમાં મોટા પાયે ગેરરીતિ થઈ

નવી દિલ્હી,તા. ૨૧

ઈન્ડિયન પ્રિમિયર લીગમાં સ્પોટ ફિક્સીંગનો મામલો સપાટી પર આવ્યા બાદથી ભારે ખળભળાટ મચી ગયો છે. ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડ અને આઈપીએલમાં રમી રહેલા ખેલાડીઓમાં ચિંતાનું મોજુ ફરી વળ્યુ છે પરંતુ આજે સુપ્રીમ કોર્ટે મોટી રાહત આપી હતી. કારણ કે સુપ્રીમ કોર્ટ સ્પોટ ફિક્સીંગ કૌભાંડના અનુસંધાનમાં આઈપીએલની બાકીની તમામ મેચો ઉપર સ્ટે મૂકવાની માંગ કરતી અરજીને ફગાવી દીધી હતી. આઈપીએલ પર પ્રતિબંધ મુકવાનો સુપ્રીમે ઈન્કાર કરતા આયોજકોને ખૂબ મોટી રાહત થઈ છે. જો કે સુપ્રીમ કોર્ટે ૧૫ દિવસની અંદર આ મામલા અંગે તેનો અહેવાલ સુપ્રત કરવા બીસીસીઆઈના ભ્રષ્ટાચાર વિરોધી યુનિટને આદેશ કર્યો છે. જસ્ટિસ બીએસ ચૌહાણ અને દીપક મિશ્રાની બનેલી બેંચે મેચ ફિક્સીંગ અને સ્પોટ ફિક્સીંગ તેમજ આઈપીએલમાં અનિયમિતતાના મામલાઓમાં તપાસ કરવા સ્પેશિયલ ઈન્વેસ્ટીગેશન ટીમની રચના કરવાની માંગ કરતી જાહેર હીતની અરજીને ફગાવી દીધી હતી.

આઈપીએલ સ્પોટ ફિક્સીંગમાં વિંદુ દારાસિંહની ધરપકડ કરાઈ

બોલિવુડના અન્ય કલાકારો પણ સકંજામાં આવે તેવા સંકેત : જાણીતા બુકી રમેશ વ્યાસ અને ક્રિકેટરો વચ્ચે મધ્યસ્થીની ભૂમિકા અદા કરવા બદલ દારાસિંહના પુત્ર વિંધુની ધરપકડથી ચકચાર : આકરી પુછપરછ

નવી દિલ્હી,તા. ૨૧

હાઈપ્રોફાઈલ ઈન્ડિયન પ્રિમિયર લીગમાં સ્પોટ ફિક્સીંગ અને મેચ ફિક્સીંગને લઈને ધરપકડનો દોર જારી રહ્યો છે. સ્પોટ ફિક્સીંગના સંબંધમાં આજે ભૂતપૂર્વ રણજી ખેલાડી બાબુલાલ યાદવની ધરપકડ કરવામાં આવ્યા બાદ ફિલ્મ અને ટેલિવિઝન અભિનેતા વિંદુ દારાસિંહની પણ ધરપકડ કરવામાંઆવી હતી. ક્રિકેટ બુકીઓ સાથે સાંઠગાંઠ બદલ તેની પણ ધરપકડ કરવામાં આવી છે. એવા અહેવાલ પણ મળ્યા છે કે મુંબઈ ક્રાઈમ બ્રાંચ પાસે બુકી રમેશ વ્યાસ સાથે વિંદુ દારાસિંહના ખૂબજ નજીકના સંબંધ હોવાના પુરાવા હાથ લાગ્યા છે. વિંદુ દારાસિંહ ક્રિકટરો અને બુકી વ્યાસ વચ્ચે મધ્યસ્થીની ભૂમિકા ભજવી રહ્યો હતો. માહિતી પહોંચાડવાનું કામ પણ કરતો હતો. ૪૯ વર્ષિય વિંદુની ધરપકડ કરવામાં આવ્યા બાદ બોલિવુડના અન્ય કેટલાક લોકો પણ સકંજામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે.

ત્રણ બુકીઓની ધરપકડ કરવામાં આવ્યા બાદથી વિંદુ દારાસિંહ મુંબઈ પોલીસની ચકાસણી હેઠળ હતો અને આખરે તેની ધરપકડ કરી લેવામાં આવી છે. વિંદુ દારાસિંહ ટીવી રિયાલિટી શો બિગબોસની ત્રીસી સિઝનમાં વિજેતા બન્યો હતો. આ ઉપરાંત તે સ્વર્ગસ્થ દારાસિંહનો પુત્ર છે. આ અગાઉ ભૂતપૂર્વ રણજી ખેલાડી બાબુરાવ યાદવની પણ ગઈકાલે દિલ્હીમાંથી ધરપકડ કરવામાં આવી હતી. ધરપકડ કરાયા બાદ યાદવની અન્ય ખેલાડીઓ સાથે સંબંધ હોવાના સંબંધમાં પૂછપરછ હાથ ધરાઈ છે. ચંડીલા સાથે તેના સંબંધ હોવાનું જાણવા મળી રહ્યું છે. એવા અહેવાલ છે કે યાદવે જ બુકી સુનિલ ભાટિયા સમક્ષ ચંડીલાની ઓળખ કરાવી હતી. સુનિલ ભાટિયાની પણ ધરપકડ કરવામાં આવી ચૂકી છે. બાબુલાલ યાદવની ધરપકડની સાથે જ હજુ સુધી ધરપકડ કરવામાં આવેલા લોકોની સંખ્યા વધીને ૧૮ ઉપર પહોંચી છે.

તમામ ફ્રેન્ચાઈસીસ અને બીસીસીઆઈને પાર્ટી બનાવવા અપીલ કરી હતી. અરજીમાં જણાવાયુ હતુ કે ખેલાડીઓની હરાજીથી લઈને આઈપીએલમાં શ્રેણીબદ્ધ ગેરરીતિઓ અને અનિયમિતતાઓ થઈ ચુકી છે. કાળા નાણાં અને સમાજવિરોધી તત્વોના નાણાં આઈપીએલમાં આવી રહ્યા છે. આવી સ્થિતિમાં ઉંડી તપાસની જરૂર છે. આઈપીએલની ફાઈનલ મેચ સહિત બાકીની ચારેય મેચો પર પ્રતિબંધ મુકવાની માંગ કરવામાં આવી હતી જ્યાં સુધી તપાસ પૂરી કરવામાં ન આવે ત્યાં સુધી બાકીની મેચો પર સ્ટે મૂકવાની માંગણી કરાઈ હતી. ૧૮ લોકોની હજુ સુધી ધરપકડ કરવામાં આવી ચુકી છે જેમાં ત્રણ આઈપીએલ ખેલાડી, ચાર ભૂતપૂર્વ ખેલાડી, ૧૧ બુકી અને તેમના આસિસ્ટન્ટનો સમાવેશ થાય છે.